જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૯/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૫૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૩૮૩ લીટર દેશી દારૂ, ૫૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૦૬ બિયર ટીન, ૦૧ રિક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૨,૦૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૨૫૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૨૫૩/૨૦૨૬**

સેટેલાઈટઃ પ્રીયંકા વા/ઓ નિરવભાઈ દરજી (રહે. સ્વયંભુ એપાર્ટમેન્ટ શિવાની એપાર્ટમેન્ટ સામે આઝાદ સોસાયટી સેટેલાઈટ) એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૯/૨૦૨૬ સવારના ૧૦/૩૦ થી સાંજના ૦૬/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના તેમજ સોનાના સિક્કા તથા ચાંદીની ચીજવસ્તુઓ અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩,૬૨,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વિ.જે.ચૌધરી ચલાવે છે.

વસ્ત્રાપુરઃ હર્ષિલ કિરણકુમાર મહેતા (રહે. આનંદમયી સોસાયટી સાંઇબાબા મંદિરની બાજુમા થલતેજ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૯/૨૦૨૬ રાતના ૨/૦૦ વાગ્યાના સુમારે થલતેજ સાંઇબાબા મંદિરની બાજુમાં મા આનંદમયી સોસાયટી દિવા વુમન હોસ્પીટલની બારી વાટે અજાણી વ્યક્તિ દવા રૂમમાં પ્રવેશ કરી ડ્રોઅરનું લોક તોડી ડ્રોઅરમાંથી આશરે રૂપિયા ૯૯,૦૦૦/– ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.કે.ઝાલા ચલાવે છે.

સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ– **સમાચાર યાદી નં.૧૨૫૪/૨૦૨૬**

કૃષ્ણનગરઃ સાગરભાઈ મહેન્દ્રભાઇ ખત્રી (ઉ.વ.૩૫) (રહે. કેસરવાટીકા ફ્લેટ મેંગો સીનેમાં સામે નિકોલ) તા.૦૪/૦૯/૨૦૨૬ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે એક્ટીવા ચલાવી નવા નરોડા સૈનીક સર્કલ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સાગરભાઈ ખત્રીના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૫૦,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સાગરભાઈ ખત્રીએ તા.૦૭/૦૯/૨૦૨૬ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૨૫૫/૨૦૨૬**

ગુજરાત યુનિવર્સિટીઃ રાધિકા ગણેશ ધામી (ઉ.વ.૩૨) (રહે. કલ્પના કોમ્પ્લેક્ષ મેમનગર ફાયર સ્ટેશનની બાજુમાં નવરંગપુરા) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૯/૨૦૨૬ બપોરના ૦૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સિટી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.વી.મનાત ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી